
| તાપમાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૭.૦° સે. | ૨૪.૦° સે. |
| આહવા | ૪૦.૦° સે. | ૨૨.૦° સે. |
| વલસાડ | ૩૬.૦° સે. | ૨૨.૦° સે. |
| વાપી | ૩૬.૦° સે. | ૨૨.૦° સે. |

જિલ્લામાં કોંગ્રેસના ઘણા ઉમેદવારો ખુલ્લેઆમ કહી રહ્યા છે કે પક્ષમાં દિશા નથી, નેતૃત્વ નિષ્ક્રિય છે અને ગોઠવણ પૂરી રીતે ધરાશાયી થઈ ગઈ



# નવસારીમાં કોંગ્રેસની 'સિસ્ટમ ક્રેશ'

**ગોટાળા**, ગફલત અને ગેરવ્યવસ્થાથી પક્ષ અંદરથી ધ્વસ્ત

**ભાજપ** માટે આ પરિસ્થિતિ 'રેડ કાર્પેટ વિજય' સમાન બની ગઈ

નવસારી : નવસારી જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા કોંગ્રેસની હાલત હવે માત્ર નબળી નથી રહી આ તો સંપૂર્ણ 'સિસ્ટમ ક્રેશ' છે. સંગઠન ગોઠવણ વિના, નેતૃત્વ દિશા વિના અને નિર્ણય પ્રક્રિયા જવાબદારી વિના આ ત્રણેયે મળી કોંગ્રેસને એવી ખાઈમાં ધકેલી દીધી છે, જ્યાંથી બહાર આવવું હવે મુશ્કેલ દેખાઈ રહ્યું છે. ભાજપને 13 બેઠકો બિનહરીફ મળવી એ જીતથી વધારે કોંગ્રેસની નિષ્ફળતાનો જાહેર પુરાવો છે. ગણદેવી નગરપાલિકાની ઘટના કોંગ્રેસ માટે 'પોલિટિકલ ડિઝાસ્ટર' બની ગઈ છે. 18 દાવેદારોને સમયસર મેન્ડેટ ન મળતા તમામ ફોર્મ રદ માત્ર 10 મિનિટના વિલંબે આખું રાજકીય ગણિત તૂટી પડ્યું. પ્રશ્ન હવે માત્ર સમયનો નથી, પરંતુ સિસ્ટમનો છે: શું કોંગ્રેસ પાસે કોઈ કાર્યક્ષમ ગોઠવણ જ બાકી રહી છે?

આ ગોટાળાનો સૌથી મોટો પ્રહાર ઉમેદવારો પર થયો છે. જિલ્લામાં કોંગ્રેસમાંથી ઉમેદવારી કરનારા મોટાભાગના દાવેદારોમાં ભારે નિરાશા, ગુસ્સો અને અવિશ્વાસ છવાઈ ગયો છે. ઘણા ઉમેદવારો હવે ખુલ્લેઆમ કહી રહ્યા છે કે પક્ષમાં દિશા નથી, નેતૃત્વ નિષ્ક્રિય છે અને ગોઠવણ પૂરી રીતે ધરાશાયી થઈ ગઈ છે. 'લડતા પહેલા જ હાર'ની લાગણી હવે દરેક સ્તરે ફેલાઈ ગઈ છે. અંદરખાને હાલત એટલી બગડી ગઈ છે કે કોંગ્રેસમાં હવે માત્ર અસંતોષ નહીં, પરંતુ ખુલ્લી અસંતુલન અને વિખવાદની પરિસ્થિતિ ઉભી થઈ રહી છે. જવાબદારી સ્વીકારવાને બદલે એકબીજાને દોષ આપવાનો ખેલ ચાલુ છે, જેના કારણે કાર્યકરોમાં વિશ્વાસ તૂટતો જઈ રહ્યો છે.

બીજી તરફ ભાજપ માટે આ પરિસ્થિતિ 'રેડ કાર્પેટ વિજય' સમાન બની ગઈ છે. જ્યાં વિરોધી પક્ષ પોતે જ તૂટી પડે, ત્યાં જીત માટે સંઘર્ષ કરવાની જરૂર જ રહેતી નથી અને નવસારીમાં કોંગ્રેસે આ જ ચિત્ર ઉભું કર્યું છે.

### નવસારી જિલ્લા, તાલુકા પંચાયત અને મનપામાં ભાજપ બિનહરીફ

**નવસારી જિ.પં.ની ત્રણ બેઠક**
**બીગરી :** ભીખુભાઈ પટેલ
**દેવસર :** રેખા પટેલ
**ઘેજ :** અમિતા પટેલ
**ગણદેવી તા.પં.ની 6 બેઠક**
**અજરાઈ :** સંગીતા દેસાઈ
**ભાઠા :** હીના પટેલ
**બીગરી 1 :** સીમા ટંડેલ
**બીગરી 2 :** મહેશ પટેલ
**દેવસર 2 :** પુષ્પા પટેલ
**માસા :** જયશ્રી પટેલ
**જલાલપોર તા.પં.ની 2 બેઠક**
**ભીનાર :** હિતેષ પટેલ
**પનાર :** ઉપજ્ઞા પટેલ
**નવસારી મનપાના બે વોર્ડની બે બેઠક**
વોર્ડ નં. 8 જ્યોત્સના પ્રજાપતિ
વોર્ડ નં. 11 આરતી ભરવાડ

ચીખલી તા.પં.ની પાંચ અને જિ.પં.ની સમરોલી સાથે બે બેઠક પર ભાજપ બિનહરીફ

## પરિવાર ભાજપને મત આપતો હોવાથી કોંગ્રેસના ઉમેદવારે ફોર્મ પરત ખેચ્યું

**ચૂંટણી** પૂર્વે જ કેટલાક મેદાન છોડી જતા કોંગ્રેસમાં સોંપો પડી ગયો

**ચીખલી** તા.પં.ની ૨૮ પૈકી પાંચ બિનહરીફ જાહેર થશે

**૨૩ બેઠક** પર ભાજપ, કોંગ્રેસ અને આપ તથા અપક્ષ મળી ૫૩ ઉમેદવાર મેદાનમાં

### તલાવચોરા બેઠક પર હાઇવોલ્ટેજ ડ્રામા સર્જાયો

તાલુકા પંચાયતની તલાવચોરા બેઠક પર ઉમેદવારી પત્રક પરત ખેંચવાના હાઇવોલ્ટેજ ડ્રામાં સર્જાયો હતો. તાલુકા સેવા સદનમાં કોંગ્રેસના ઉમેદવાર ઉમેદવારી પત્રક પરત ખેંચવા માટે આવતા ત્યાં હાજર કોંગ્રેસના આગેવાનોએ સમજાવીને પરત લઈ જતા ભાજપના આગેવાનો સાથે રકઝક પણ થઈ હતી. જોકે થોડીવાર બાદ ફરી આ ઉમેદવાર કચેરીમાં આવતા અને પોતાની મરજીથી જ ઉમેદવારી પત્રક પરત ખેંચતો હોવાનું અને પોતાનો પરિવાર ભાજપને જ મત આપતો હોવાનું રોકડું પર ખાવી દીધું હતું. આખરે બીજા પ્રયત્નમાં આ ઉમેદવારે તેનું ઉમેદવારી પત્રક પરત ખેંચી લીધું હતું.

ઘેજ : ચીખલી તાલુકામાં ઉમેદવારી પત્રકોની ચકાસણી દરમ્યાન તાલુકા પંચાયતની વધુ ચાર સાથે ભાજપની કુલ પાંચ બેઠકો અને જિલ્લા પંચાયતની સમરોલી બેઠક સાથે બે બેઠક પર ભાજપના ઉમેદવાર બિનહરીફ જાહેર થવાનું નિશ્ચિત થતા ભાજપીઓ ગેલમાં આવી જઇ ફટાકડા ફોડી ઉજવણી કરી હતી. જિલ્લા પંચાયતની ઘેજ બેઠક પરથી ભાજપના ડો.અમીતા પટેલ અને સમરોલી બેઠક પરથી વાસંતી પટેલ બિનહરીફ જાહેર થશે. કોંગ્રેસના ઉમેદવારનું ફોર્મ રદ થતા અને અન્ય ત્રણ કોંગ્રેસના ઉમેદવારોએ ઉમેદવારી પત્રક પરત ખેંચતા હવે ભાજપની ૨૮-પૈકી કુલ પાંચ બેઠકો બિનહરીફ થશે. ચૂંટણી પૂર્વે જ કેટલાક મેદાન છોડી જતા કોંગ્રેસમાં સોંપો પડી જવા પામ્યો છે.

તાલુકા પંચાયતની ચીખલી બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવારના ફોર્મ સાથે સોગંદનામું અને મેન્ડેટ ન હોવાના કારણે ઉમેદવારી પત્રક રદ થતા ભાજપના સમીર પટેલ બિનહરીફ જાહેર થવાનું નિશ્ચિત થયું હતું. જ્યારે તલાવચોરા, તેજલાવ અને પીપલગભણ બેઠક પર કોંગ્રેસના ઉમેદવારોએ ઉમેદવારી પત્રક પરત ખેંચતા ભાજપના અશોક હળપતિ, તેજસ પટેલ, જાગૃતિ પટેલ સહિત ચાર બેઠકોના ઉમેદવારો બિનહરીફ જાહેર થશે. આ પૂર્વે સમરોલી બેઠક પર એક જ ઉમેદવારી પત્રક ભરાતા તાલુકા પંચાયતની ભાજપની કુલ પાંચ બેઠકો બિનહરીફ થવાનું નિશ્ચિત થયું હતું. જ્યારે જિલ્લા પંચાયતની સમરોલી બેઠક પર કોંગ્રેસના ઉમેદવારે ઉમેદવારી પત્રક પરત ખેંચતા ભાજપના ઉમેદવાર વંકાલના વાસંતી પટેલ બિનહરીફ જાહેર થશે. આમ તાલુકામાં જિલ્લા પંચાયતની આઠ બેઠકો પૈકી ઘેજ અને સમરોલી બેઠક પર ભાજપનો ભગવો લહેરાયો છે.

ચીખલી તાલુકા પંચાયતની ૨૮ પૈકી પાંચ બેઠકો બિનહરીફ જાહેર થશે ત્યારે હવે ૨૩-બેઠકો પર ભાજપ, કોંગ્રેસ અને આપ તથા અપક્ષ મળી કુલ-૫૩ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. આ પૈકી ઢોલુમ્બર બેઠક પર અપક્ષ સાથે ચાર જેટલા ઉમેદવારો મેદાનમાં છે તો કેટલીક બેઠકો પર ઉપરોક્ત ત્રણેય પક્ષના તો કેટલીક બેઠકો પર ભાજપ અને કોંગ્રેસના જ ઉમેદવારો છે. તાલુકાની સાદડવેલ બેઠક પર ભાજપ અને આમ આદમી પાર્ટીના જ ઉમેદવારો છે. જિલ્લા પંચાયતની આઠ પૈકી છ બેઠકો પર ૧૪ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. આ પૈકી વાંઝણા અને માંડવખડક બેઠક પર ભાજપ, કોંગ્રેસ અને આપ સાથે ત્રણ ઉમેદવારો છે. જોકે ઉમેદવારી પત્રક ખેંચવાના દિવસે તાલુકા અને જિલ્લા પંચાયતની તમામ બેઠકો પર ચિત્ર સ્પષ્ટ થશે. બેઠકો બિનહરીફ થવાનું નિશ્ચિત થતા કેબિનેટ મંત્રી નરેશ પટેલ, ઘેજ બેઠકના અમીતાબેન, સમરોલી બેઠકના વાસંતીબેન, ભાજપના જિલ્લાના પૂર્વ મહામંત્રી ડો.અશ્વિનભાઇ, ભાજપ પ્રમુખ મયંકભાઇ, મહામંત્રી સમીરભાઇ, ભાજપના આઈટીસેલના દિપક સોલંકી, ચીખલીના નૈનેશ કાયસ્થ, ધવલ ગાંધી, મલવાડાના પર્વત પટેલ, ઘેજ બેઠકના સંયોજક ધર્મેશભાઇ, સહ સંયોજક વિનયભાઇ, તલાવચોરાના સચિનભાઇ સહિતનાઓની ઉપસ્થિતિમાં હાઇવે ચાર રસ્તા પાસે ભાજપીઓએ ફટાકડા ફોડી ઉજવણી કરી હતી.

## દગડીઆંબામાં ભાજપના બે નેતાઓ આમને-સામને

**એક** જ પાર્ટીમાં બે મોરચા જેવી સ્થિતિ, 15મી એપ્રિલે ફોર્મ પરત ખેંચવાનાં દિવસે સ્થિતિ સ્પષ્ટ થશે

**માજી** પ્રમુખને ખેંચ આવતા હોસ્પિટલમાં ખસેડાયા!


ગિરીશ ભોયે

સાપુતારા : ડાંગ જિલ્લાની વઘઇ તાલુકા પંચાયતની દગડીઆંબા બેઠક પર ભાજપમાં ચાલતી આંતરિક ગુંચવણ હવે ખુલ્લા રાજકીય જંગમાં ફેરવાઈ ગઈ છે. ભાજપા પાર્ટી દ્વારા માજી વઘઇ તાલુકા પંચાયતનાં પ્રમુખ ચંદરભાઈ ગાવિતની પત્ની વનિતાબેન ગાવિતને દગડીઆંબા તાલુકા સીટ પર સત્તાવાર મેન્ડેટ આપવામાં આવ્યુ હોવા છતા આ બેઠક પર ડમી ઉમેદવાર તરીકે માજી જિલ્લા પંચાયત પ્રમુખનાં ગ્રુપે પણ દાવેદારી નોંધાવી દેતા રાજકીય તણાવ ચરમસીમાએ પહોંચી ગયો છે. આજે વઘઇ ખાતે ભાજપ જિલ્લા સંગઠન પ્રમુખની હાજરી દરમિયાન દગડીઆંબા બેઠક મુદ્દે મેન્ડેટ ઉમેદવાર અને ડમી ઉમેદવાર સામસામે આવી જતા વાતાવરણ અચાનક ગરમાઈ ગયુ હતુ. બંને પક્ષ વચ્ચે ભારે બોલાચાલી અને તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ હતી. પરિસ્થિતિ એટલી બગડી ગઈ કે ગરમા-ગરમી દરમિયાન મેન્ડેટ ઉમેદવારના પતિ અને માજી તાલુકા પંચાયતનાં પ્રમુખ ચંદરભાઈ ગાવિતને અચાનક ખેંચ આવી જતા તેમને તાત્કાલિક સરકારી હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. દગડીઆંબા બેઠક પર હાલ ભાજપના જ બે પ્રભાવશાળી અને ખમતીધર નેતાઓ આમને-સામને આવી જતા "એક જ પાર્ટીમાં બે મોરચા" જેવી સ્થિતિ સર્જાઈ છે. બંને પક્ષ પોતપોતાના ઉમેદવારને ટકાવી રાખવા માટે એડીચોટીનો જોર લગાવી રહ્યા છે.હવે આગામી 15 એપ્રિલે ફોર્મ પરત ખેંચવાના દિવસે રાજકીય દ્રશ્ય વધુ સ્પષ્ટ બનશે. પ્રશ્ન એ છે કે અંતે કોણ મક્કમ રહે છે અને કોણ પછાડે છે આ મુદ્દે સમગ્ર તાલુકાની નજર ટકી છે. ડાંગ જિલ્લાની દગડીઆંબા બેઠક ભાજપ માટે પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો છે. અહી મેન્ડેટ સામે ડમી ઉમેદવારીથી પાર્ટીમાં ભંગાણ સર્જાયુ છે. ત્યારે આવનાર દિવસોમાં આ સીટ પર હાઈવોલ્ટેજ રાજકીય રમત રમાશેનું રાજકીય વિશ્લેષકો જણાવી રહ્યા છે.

## ડાંગ જિલ્લા, તાલુકા પં.ની માટે ૧૭૪ માન્ય, ૮૧ ફોર્મ અમાન્ય

**ડાંગ** જિલ્લા પંચાયતની ૧૮ બેઠકો માટે ૫૫ અને ત્રણ તાલુકા પંચાયતોની કુલ ૪૮ બેઠકો માટે ૧૧૯ ફોર્મ માન્ય રહ્યા

**એપ્રિલ** બાદ કેટલા ઉમેદવારો મેદાનમાં રહે છે તે ચિત્ર સ્પષ્ટ થઈ શકશે

સાપુતારા : ડાંગ જિલ્લામાં પણ આગામી તારીખ ૨૬-૦૪-૨૦૨૬ ના રોજ યોજાનાર સ્થાનિક સ્વરાજયની સામાન્ય ચૂંટણી-૨૦૨૬ માટે, આજે તારીખ ૧૩ એપ્રિલના રોજ નામાંકન પત્રોની ચકાસણી દરમિયાન જિલ્લા પંચાયતની કુલ ૧૮ બેઠકો અને ત્રણ તાલુકા પંચાયતોની કુલ ૪૮ બેઠકો માટે ૧૧૯ ફોર્મ માન્ય ગણી મંજુર કરવામાં આવ્યાં છે. ડાંગ જિલ્લા પંચાયતની કુલ ૧૮ બેઠકો માટે ૮૭ ફોર્મ રજૂ થયા હતાં. જેમાં ૫૫ માન્ય અને ૩૨ ફોર્મ અમાન્ય ગણવામાં આવ્યાં છે.

આ સાથે ડાંગના ત્રણેય તાલુકા પંચાયતોની કુલ ૪૮ બેઠકો માટે ૧૬૮ જેટલા ફોર્મ રજૂ થયા હતાં. જેમાં આહવા તાલુકામાં ૪૫ ફોર્મ રજુ થયાં હતાં. જે પૈકી ૩૫ ફોર્મ માન્ય અને ૧૦ ફોર્મ અમાન્ય, વઘઇ તાલુકામાં ૫૫ પૈકી ૪૦ માન્ય અને ૧૫ ફોર્મ અમાન્ય, જ્યારે સુબીર તાલુકામાં ૬૮ પૈકી ૪૪ ફોર્મ માન્ય અને ૨૪ ફોર્મ અમાન્ય ગણવામાં આવ્યાં છે. ઉલ્લેખનીય છે કે, તારીખ ૧૩ ના રોજ ચૂંટણી તંત્ર દ્વારા ફોર્મ ચકાસણી હાથ ધરવામાં આવી હતી. હવે ઉમેદવારોએ રજુ કરેલ ફોર્મ પરત ખેંચવાની તા.૧૫ એપ્રિલ બાદ કેટલા ઉમેદવારો મેદાનમાં રહે છે તે ચિત્ર સ્પષ્ટ થઈ શકશે.


આસીફ શેખ

## ધરમપુરના ખેડૂતોને પાણી પુરવઠા વિભાગ દ્વારા વળતર આપવામાં ઘોર બેદરકારી

**ત્રણ** વર્ષ વીતવા છતાં વળતર ન મળતા ખેડૂતોની પાઇપલાઇન ખોદી કાઢવાની ચીમકી

ધરમપુર : ધરમપુર તાલુકાના નાની ઢોલ ડુંગરી અને રાજપુરી તલાટ ગામના અંદાજે 96થી વધુ ખેડૂતો હાલ તંત્રની અન્યાયી નીતિનો સામનો કરી રહ્યા છે. ત્રણ વર્ષ પૂર્વે પાણી પુરવઠા વિભાગ દ્વારા આ ખેડૂતોની જમીનમાંથી પાઈપલાઈન પસાર કરવા માટે વળતર આપવાની ખાતરી આપવામાં આવી હતી. તંત્રના ભરોસે ખેડૂતોએ જરૂરી તમામ દસ્તાવેજો તૈયાર કરી સંમતિ આપી હતી, જેના આધારે ખેતરોમાંથી પાઈપલાઈન નાખવામાં આવી હતી.

ખેડૂતોનો આક્ષેપ છે કે પાઈપલાઈન નાખતી વખતે વળતરની મોટી વાતો કરવામાં આવી હતી, પરંતુ આજે ત્રણ વર્ષનો લાંબો સમય વીતી ગયો હોવા છતાં એક પણ ખેડૂતને એક પણ રૂપિયો ચૂકવવામાં આવ્યો નથી. ખેડૂતોએ પોતાનું કામ છોડીને તંત્રના આદેશ મુજબ કાગળો તૈયાર કર્યા હતા, છતાં પરિણામ શૂન્ય રહ્યું છે.

વળતર ન મળતા આક્રોશિત ખેડૂતોએ અધિકારીઓ સમક્ષ ઉગ્ર રજૂઆત કરી હતી. ખેડૂતોએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે, જો તાત્કાલિક ધોરણે વળતર ચૂકવવામાં નહીં આવે, તો અમે ખેતરોમાંથી પાઈપલાઈન ખોદીને બહાર કાઢી નાખીશું. આ મામલે સ્થળ પર હાજર અધિકારીએ ખેડૂતોને આશ્વાસન આપતા જણાવ્યું હતું કે, વહેલી તકે આ પ્રશ્નનું નિરાકરણ લાવવામાં આવશે. હવે જોવાનું એ રહે છે કે તંત્ર ખેડૂતોને તેમનો હક આપે છે કે પછી ખેડૂતોએ આક્રમક આંદોલનનો માર્ગ અપનાવવો પડશે.

### છીરીમાં ટેમ્પાની ટક્કરે બાઈકચાલક વૃદ્ધનું મોત

વાપી : વાપી ટ્રાફિક પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ યુપી અને હાલ વાપી કોપરલી રોડ, ભાનુ હીલ્સમાં હિતેશ ઈન્દ્રમણી દુબે (ઉ.39) પરિવાર સાથે રહે છે. તેમના પિતા ઈન્દ્રમણી બ્રહ્મદેવ દુબે (ઉ.64) કામાર્થે બાઈક લઈને ગયા હતાં. ગુંજનથી છીરી તરફ જતા માર્ગ પર આર.કે.દેસાઈ કોલેજ ગેટની બાજુમાં આવેલી નહેરના રોડ ઉપર દૂધ લઈને જઈ રહેલા ટેમ્પાની ટક્કર લાગી હતી. અકસ્માતમાં ટેમ્પોચાલક વાહન છોડી ફરાર થઈ ગયો હતો. જ્યારે ઈજાગ્રસ્ત થયેલા વૃદ્ધને વાપીની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગેની જાણ પુત્ર હિતેશે વાપી ટ્રાફિક પોલીસ મથકમાં કરી હતી.

## મોતીવાડામાં રેલવે યાર્ડ માટે જમીન સંપાદનનો પ્રચંડ વિરોધ

**ગ્રામજનોએ** કલેક્ટર અને પ્રાંત અધિકારીને આપ્યું આવેદન

**80 થી 90** એકર ખેતીલાયક જમીન અને રહેણાંક મકાનો છીનવાઈ જવાની ભીતિએ ખેડૂતોમાં રોષ


અમૃત પટેલ

પારડી : પારડી તાલુકાના મોતીવાડા ગામમાં કન્ટેનર કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ (કોનકર વર્લ્ડ પ્રા.લી.) દ્વારા પ્રસ્તાવિત રેલવે યાર્ડ માટે જમીન સંપાદન કરવાની પ્રક્રિયાનો ગ્રામજનોએ સખત વિરોધ નોંધાવ્યો છે. આ પ્રોજેક્ટને કારણે ગામની ફળદ્રુપ જમીન અને રહેણાંક વિસ્તાર જોખમમાં મુકાતા ગ્રામજનોએ વલસાડ કલેક્ટર અને પારડી પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવી પ્રોજેક્ટ રદ કરવાની માંગ કરી છે.

મોતીવાડા ગામના સરપંચ જયસુખ નાયકા, ઉપસરપંચ ડેગીશ આહીર અને અન્ય આગેવાનોની આગેવાનીમાં મોટી સંખ્યામાં ગ્રામજનો પ્રાંત અધિકારી નીરવ પટેલને મળ્યા હતા. આવેદનપત્ર મુજબ, આશરે 80 થી 90 એકર ખેતીલાયક જમીન સંપાદિત થવાની માહિતી મળી છે. જો આ સંપાદન થાય તો આશરે 55 જેટલા ખેડૂત પરિવારો પાયમાલ થશે, 70 થી 80 જેટલા રહેણાંક મકાનો તોડી પાડવા પડશે અને અનેક કૂવા, બોરવેલ અને હજારો ફળાઉ તેમજ જંગલી વૃક્ષોનો નાશ થશે.

ગ્રામજનોના જણાવ્યા અનુસાર, ગામની મોટાભાગની વસ્તી ખેતી પર નિર્ભર છે. અગાઉ હાઈવે અને રેલવેના વિસ્તરણમાં ખેડૂતો પહેલેથી જ ઘણી જમીન ગુમાવી ચૂક્યા છે. મોતીવાડા ગીચ વસ્તી ધરાવતું ગામ હોવાથી હવે વધુ જમીન આપવી શક્ય નથી. ખેડૂતોએ સૂચન કર્યું છે કે, આ પ્રોજેક્ટને ઉમરગામ તરફ જ્યાં વધુ ખાલી જગ્યા ઉપલબ્ધ છે ત્યાં ખસેડવામાં આવે.

પારડી પ્રાંત અધિકારી નીરવ પટેલે ગ્રામજનોની રજૂઆત શાંતિપૂર્વક સાંભળી હતી અને આ માંગણી સરકાર સુધી પહોંચાડવાની ખાતરી આપી હતી. જોકે, ગ્રામજનોએ મક્કમતાપૂર્વક જણાવ્યું છે કે જ્યાં સુધી પ્રોજેક્ટ રદ નહીં થાય ત્યાં સુધી તેમનો લડત ચાલુ રહેશે.

## ટેમ્પો પલટી જતા 6 જણાને ગંભીર ઇજા

**પરિવાર** લગ્ન પ્રસંગે કપડા ખરીદ કરવા દાનહ જતાં હતા ત્યારે કપરાડાના ઘાટ ઉપર ચાલકે સ્ટિયરીંગ ઉપરથી કાબુ ગુમાવતા ટેમ્પો પલટી ગયો



વલસાડ : કપરાડા તાલુકાના અસ્ટોલ નજીક કાસ્ટોનિયા ઘાટ ઉપર ચાલકે સ્ટિયરીંગ ઉપરથી કાબુ ગુમાવતા ટેમ્પો પલટી ખાઈ જતા ટેમ્પોમાં સવાર તમામ લોકોને ઇજા પહોચતા તમામને હોસ્પિટલ લઈ જવાયા હતા. જોકે ઘટનામાં ચાલકનો ચમત્કારિક બચાવ થયો હતો.

મહિલાઓ, બાળકોની ચિંચિયારીઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ઘટનાના પગલે પસાર થતા વાહન ચાલકોએ પોતાના વાહનો થોભાવી ટેમ્પો નીચે દબાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. અને 108માં હોસ્પિટલ લઈ જવાયા હતા.

અસ્ટોલ ગામના પરિવારમાં લગ્ન પ્રસંગ હોય પરિવાર અન્ય સબંધીઓ સાથે લગ્ન પ્રસંગ માટે કપડાની ખરીદી કરવા સોમવારે પિકઅપ ટેમ્પોમાં દાદરા નગર હવેલીના રાંધા જઇ રહ્યા હતા તે સમયે કાસ્ટોનિયા ઘાટ ઉપર ચાલકે સ્ટિયરીંગ ઉપરથી કાબુ ગુમાવતા માર્ગની બાજુમાં પલટી ખાઈ જતા ટેમ્પોમાં સવાર તમામ લોકો ફેકાઈ જતા મહિલાઓ, બાળકોની ચિંચિયારીઓથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. ઘટનાના પગલે પસાર થતા વાહન ચાલકોએ પોતાના વાહનો થોભાવી ટેમ્પો નીચે દબાયેલા લોકોને બહાર કાઢ્યા હતા. જોકે દબાયેલા લોકોને ગંભીર ઇજા પહોંચી હતી જ્યારે અન્યોને નાની મોટી ઇજાઓ પહોચતા સારવાર માટે ઇજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા જ્યારે વધુ ઈજાગ્રસ્તોને 108 એમ્બ્યુલન્સમાં અન્ય હોસ્પિટલમાં રિફર કરાયા હતા. ઘટના અંગે પોલીસને જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### બીલીમોરાના જ્વેલર્સ ઉપર ફાયરિંગમાં વપરાયેલી ગન પોલીસને મળી

બીલીમોરા : એક સપ્તાહ અગાઉ બીલીમોરાના ચંચલ જ્વેલર્સમાં લૂંટના ઈરાદે ફાયરિંગ કરનાર આરોપીઓ પાસેથી પોલીસે પિસ્તોલ કબજે કરી છે. લૂંટ કરવા આવેલા ઉમંગ દિલીપ વાછાણી, મનોજ ઉર્ફે આકાશ રાજુભાઈ સૂર્યવંશી અને રજનીકાંત ઉર્ફે રાજુ શશીકાંત મકવાણા (તમામ રહેવાસી વલસાડ) પૈકી ઉમંગ દિલીપ વાછાણીએ જ્વેલર્સના માલિક અશોક કટારીયા ઉપર બે રાઉન્ડ ફાયરિંગ કરીને ફરાર થઈ ગયા હતા. ત્રણેય આરોપીઓને ગણતરીના કલાકમાં બીલીમોરા પોલીસે ઝડપી પાડ્યા હતા. જોકે લૂંટમાં વપરાયેલી મારુતિ બલેનો કાર પોલીસે તેજ દિવસે ચીખલી નજીકથી કબજે કરી હતી. જ્યારે જે પિસ્તોલથી ફાયરીંગ કર્યું હતું તે શોધવાની હજુ બાકી હતી. જે માટે ત્રણેય આરોપીઓના પોલીસે કોર્ટમાંથી રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ દરમિયાન તેઓની કડક પૂછપરછમાં આરોપીઓએ વલસાડ નજીકના કુંડી ફાટક પાસે રોડની સાઈડમાં ખાડો ખોદીને પિસ્તોલ દાટી દીધાનુ પોલીસ સમક્ષ કબૂલ્યું હતું. પોલીસે આરોપીઓની સાથે રાખીને સ્થળ પરથી જમીનમાં દાટેલી દેશી બનાવટની પિસ્તોલ કબજે લીધી છે. જોકે બીલીમોરાના જ્વેલર્સને ખરેખર તેઓ સોના ચાંદીના દાગીના લૂંટ કરવાના ઇરાદે આવ્યા હતા કે પછી ભીતરમાં કોઈ બીજું કારણ છે તેની હજી તપાસ પોલીસે કરવાની બાકી છે.

### ડાંગની માળુંગા વિભાગ ખેડૂતોની સેવા સહકારી મંડળીની નોંધણી રદ કરાઇ

સાપુતારા : ડાંગ જિલ્લાના વઘઇ તાલુકાની માળુંગા વિભાગ ખડૂતોની મોટા કદની સેવા સહકારી મંડળીની નોંધણી રદ કરવામાં આવી છે. ડાંગના મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર બી.કે.છત્રોલા તરફથી મળેલી અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, આ મંડળીને કાયદાની કલમ - ૨૦ હેઠળ નોંધણી રદ કરવાનું ઉચિત જણાતા આમુખ - (૪) અન્વયે તેઓને મળેલ સત્તાની રૂએ નોંધણી નંબર - ૨૦૫૧૯, તા.૩૦/૦૩/૧૯૯૧ ની નોંધણી રદ થવા પામી છે. ડાંગ જિલ્લાની આ મંડળીને ફડચામાં લઈ જવાનો અંતિમ હુકમ, તથા ફડચા અધિકારીના અભિપ્રાય મુજબ ફડચાનુ કામ પૂર્ણ થયેથી, આ મંડળીની નોંધણી રદ કરવામાં આવી છે. જેની સંબંધિતોને નોંધ લેવા જણાવાયુ છે.

### ડુંગરાની સોસાયટીમાં રમી રહેલી બાળકીનું ટેમ્પાની ટક્કરે મોત

વાપી : વાપી ટ્રાફિક પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ યુપી અને હાલ વાપી ડુંગરી ફળિયા, આઝાદ રેસીડન્સીમાં સમીઉલ્લા નજાબુલ્લા ચૌધરી (ઉં.28) પરિવાર સાથે રહે છે. તેમની નાની પુત્રી અફીફા (ઉં.1 વર્ષ 6 મહિના) સોસાયટીના પાર્કિંગમાં રમતી હતી તે સમયે છોટા હાથી ટેમ્પાની ટક્કર લાગી હતી અને તે પડી ગઈ હતી. ઈજાગ્રસ્ત થયેલી બાળકીને તરત જ બાઈક પર બેસાડી વાપી હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા જ્યાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરી હતી. અકસ્માત કરનાર ટેમ્પોચાલક સંદિપ અમ્રતભાઈ પટેલ (રહે. ડુંગરા-વાપી) સામે સમીઉલ્લાએ વાપી ટ્રાફિક પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.